મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૮૮ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૫ માં સઘન પેટ્રોલીંગ કરવા કોર્પોરેટરની પોલીસ તંત્રને રજુઆત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરોએ તરખાટ મચાવી દીધો છે. તસ્કર ટોળકી દુકાનોના શટર તોડીને ચોરી કરી પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૫ રહેણાંક બનતા વસાહતીઓમાં ભય પ્રસરી ગયો છે. આ વિસ્તારમાં તસ્કર ટોળકી છેલ્લા ઘણા સમયથી કાર્યરત થઈ હોય તેમ લાગી રહ્યું છે. પોલીસના સઘન પેટ્રોલીંગ હોવા છતા તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી વસાહતીઓના ઘર અને દુકાનોને નિશાન બનાવી રહ્યા છે. ત્યારે વસાહતીઓની સુરક્ષા તેમજ જાહેર ચીજવસ્તુઓની થતી ચોરીના બનાવો અટકાવવાના પગલે તાત્કાલીક અસરથી તંત્રને લેવા જોઈએ. વસાહતીઓની સુરક્ષા જળવાય તેમજ ચોરીનો ભય ટાળવા માટે રાત્રી દરમિયાન પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવે ઘરફોડ ચોરીના બનવો ના બને તેમજ વસાહતીઓને ચોરી થવાની ભિતીના રહે તે માટે કોર્પોરેટર રાકેશ પટેલે પોલીસ તંત્રને પેટ્રોલીંગ વધારવા લેખિત રજુઆત કરી છે.

વાવોલમાં વસાહતીઓની પોલીસ પેટ્રોલીંગ વધારવા માંગ

આજના આધુનિક યુગમાં શહેરની સાથે ગામડાનો પણ વિકાસ થવા પામ્યો છે. ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામ પણ વિકાસની હરણ ફાળ ભરી છે. ન્યું વાવોલમાં શાલીન-૧ થી ૫, સંકલ્પ રોયલ, કિર્તીધામ, નિલકંઠવીલા, સહિત અનેક સોસાયટીઓ આવેલી છે. ત્યારે ચોરીના બનાવો દિવસે ને દિવસે ઘટવાની જગ્યાએ વધતા જાય છે. ત્યારે વાવોલમાં ચોરીના કેસ ડામવા માટે પોલીસ નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવે તેમ રહીશો ઈચ્છી રહ્યા છે.

વિસ્તારમાં ઘરફોડ ચોરીના બનાવો બનતા નાગરીકોમાં ભય ફેલાયો છે. ત્યારે વોર્ડ નં-૭ ના કોર્પોરેટરે પોલીસ તંત્રને લેખિત જાણ કરી સે-૫ માં પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવા રજુઆત કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૭ ના કોર્પોરેટર રાકેશ પટેલ જણાવે છે કે સેકટર-૫ માં છેલ્લા કેટલાક સમયથી અસામાજીક તત્વો દ્વારા ઘરફોડ ચોરી કરતી ગેંગ સક્રિય થઈ ગઈ છે. છેલ્લા અઠવાડીયાથી અંદર આ સેકટરમાં ત્રણથી વધુ ઘરફોડ ચોરીના બનાવો

ગાંધીનગર પાસેની નેશનલ ઈન્સ્ટિટયૂટસ આસપાસ

ચરસ-ગાંજાના થઈ રહેલા વેપલા ઉપર પોલીસની વોચ

ગાંધીનગર, તા.૮

સાંસ્કૃતિક નગરી ગણાતા ગાંધીનગરને વેસ્ટર્ન કલ્ચરનું જાણે ગ્રહણ લાગી ગયું છે. ન્યુ ગાંધીનગર પંથકમાં આવેલી કેટલીક નેશનલ ઈન્સ્ટિટયૂટમાં અભ્યાસ કરતા કેટલાક મોર્ડન

વિદ્યાર્થીઓને હવે દારૂ સિગારેટ અને હુક્કા જેવા વ્યસન તો ખૂબ નાના લાગી રહ્યા છે. ઘણા સમયથી કેટલીક આવી ઈન્સ્ટીટ્યુટ્સની આસપાસ આ વિદ્યાર્થીઓને ગમતા વ્યસન સરળતાથી મળી રહે છે. એટલે કે ચરસ અને ગાંજા જેવા અત્યંત માદક અને મોંઘાદાટ વ્યસનો હાઈપ્રોફાઈલ ફેમિલીમાંથી આવતા આ વિદ્યાર્થીઓ આવા નશાના સેવનને એક સ્ટેટસ સિમ્બોલ માની રહ્યા છે. ક્યાંક નશા માટે તો ક્યાંક સ્ટેટ્સ માટે આ વિદ્યાર્થીઓ પૈકી કેટલાક ગ્રુપ ચરસ-ગાંજા અને અફીણ સહિતના ડ્રગ્સના રવાડે ચડી ગયા છે. એટલું જ નહિ આ વિસ્તારોની આસપાસ ચરસ-ગાંજા અને અફીણ જેવા નશાના દ્રવ્યો વેચતા પંટરો પણ ખૂબ જ સક્રિય છે જે વિદ્યાર્થીઓને માલ સપ્લાય કરી આપે છે. આ ફરિયાદો મળતા ગાંધીનગર એસ પી મયુર ચાવડાએ આ બાબતે અત્યંત ગંભીરતાથી લઈ લાલ આંખ કરી છે.

ન્યુ ગાંધીનગર વિસ્તારની મોટાભાગની નેશનલ ઈન્સ્ટિટયૂટ્સના વિદ્યાર્થીઓમા કેટલાક યુવક-યુવતીઓના ગ્રુપ ચરસ અફીણ અને ગાંજા જેવા અત્યંત ગંભીર ગણાતા ડ્રગ્સની પાછળ ઘેલા બન્યા છે. હાલની સ્થિતિ એવી ઊભી થઈ છે કે એક ગ્રુપ આ નશા કરીને બીજા ગ્રુપને આ ડ્રગ્સના રવાડે ચડાવી રહ્યા છે. નોંધનીય બાબત તો એ છે કે માત્રને માત્ર આ વિદ્યાર્થીઓને ટાર્ગેટ રાખીને અમદાવાદના કેટલાક ગાજા-ચરસના મોટા વેપારીઓએ ધંધો કરવા પોતાના પંટરોને આ વિસ્તારમાં ફરતા કરી દીધા છે. ડ્રગ્સ એડિક્ટેડ થઈ

કેટલાક વિદ્યાર્થીઓ ચરસ-ગાંજાના દમ મારવાના રવાડે ચડી ગયા હોવાની ફરિયાદો મળતા એસપીએ ખાનગી વેશમાં પોલીસ ગોઠવી : શંકાસ્પદ લારી-ગલ્લાઓ ઉપર સતત વોચ : એસપીએ કડક શબ્દોમાં કહ્યું આ દુષણ તો નહી જ ચલાવી લેવાય.!!

ગયેલા કેટલાક વિદ્યાર્થીઓને હવે રાત્રે આ પંટરો શોધવા જ પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ ગંભીર બાબત ગાંધીનગર એસપી મયુર ચાવડાને ધ્યાને આવતા તેમણે પોતાની ટીમો મારફતે સર્વે પણ કરાવી દીધો છે કે કોણ-કોણ આ વ્યસનના રવાડે ચઢી ગયું છે અને તેઓ માલ ક્યાંથી સરળતાથી મેળવી લે છે. મોટેભાગે ઈન્સ્ટીટયુટની આસપાસના કેટલાક ગલ્લાઓ અને નોનવેજના અડ્ડાઓ પરથી પંટરો મારફતે આ માલ વિદ્યાર્થીઓ સુધી પહોંચતો હતો. પોલીસે આવા શંકાસ્પદ ગલ્લાઓ અને નોનવેજની હાટડીઓ પણ સદંતર બંધ કરાવી દીધી છે. તો બીજી તરફ હવે ડ્રગ્સના માલ વેચવા આવતા પંટરો અને તેના આકાઓ સુધી પહોંચવા એસપીએ બે ટીમ કામે લગાડી છે. તે ઉપરાંત આ માલ ખરીદવા જતા વિદ્યાર્થીઓ પર પણ હવે તવાઈ આવશે. એસપી મયૂર ચાવડાના જણાવ્યા મુજબ આ ન્યૂસન્સ ગાંધીનગરમાં બિલકુલ ચલાવી લેવાશે નહીં. તેમની ટીમો દ્વારા ખાનગી બાતમીદારો પણ સક્રિય કરી દેવામાં આવ્યા છે અને શંકાસ્પદ પોઈન્ટ ઉપર ખાનગી પોલીસની ટીમો પણ વચમાં ગોઠવી દેવામાં આવી હોવાનું એસ.પી એ જણાવ્યું છે.

@ગાંધીનગર

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે બદામ કલાકૃતિના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૧૩ના રોજ સફેદ ઘટાના હિંડોળામાં સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે અષાઢ માસની શિવરાત્રી નિમિત્તે રૂદ્રાભિષેક શ્રી રામેશ્વર મહાદેવ સે-૩ ખાતે સાંજે ૫.૦૦ કલાકથી યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા બેઠક સાંજે ૫ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, સે-૨૨ ખાતે મળશે.

રાષ્ટ્રીય કક્ષાની એનજીઓમાં નિશ્ચલ પ્રજાપતિની નિમણુંક

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના અગ્રણી નિશ્ચલકુમાર પ્રજાપતિ ગ્રાહકોના હક્ક અને સુરક્ષા માટે કાર્ય કરતી રાષ્ટ્રીય કક્ષાની સ્વૈચ્છીક સંસ્થા ફુડ એન્ડ્ ડ્રગ્ઝ કન્ઝયુમર વેલફેર કમિટી ગાંધીનગર જિલ્લા શાખાના પીઆરઓ તરીકે એક વર્ષની અવધિ માટે નિમણુંક કરવામાં આવી છે. શહેર-જિલ્લાના ગ્રાહક મિત્રોના તેઓની કાર્યદક્ષતાનો બહોળો લાભ મળી રહેશે.

સરકારી વિજ્ઞાન કોલેજ રસાયણ શાસ્ત્ર સેમ-૧ પ્રવેશ અંગે

ગાંધીનગર, તા.૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન અને ઓફલાઈન એડમિશન કર્યા બાદ આ કોલેજ માટે ખાલી રહેતી બેઠકો પર મેરીટના ધોરણે એમ.એમ.સી. (રસાયણ શાસ્ત્ર) સેમ-૧ પ્રવેશ માટે ઉમેદવારોની અરજી તા.૧૦ ઓગસ્ટ સાંજે ૪ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ અંગેની વધુ વિગત કોલેજના રસાયણ શાસ્ત્ર વિભાગના નોટીસ બોર્ડ પર ઉપલબ્ધ છે.

વિદ્યા ભારતી અધ્યયન કેન્દ્રમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૮

વિદ્યા ભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સંચાલિત મહિલા અને બાળ વિકાસ વિભાગ, સંકલિત બાળ વિકાસ વિભાગ, સંકલિત બાળ વિકાસ યોજના પ્રાયોજિત મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર સેકટર-૨૨માં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિશેષ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વાનગી સ્પર્ધામાં ધાત્રી માતા માટે પૌષ્ટિક વાગની, સ્તનપાનના મહ્ત્વના રોલ પ્લે, ગરબો તેમજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.આર.એસ મહિલા ગ્રામ વિદ્યાપીઠ નારદીપુરની વિદ્યાર્થીનીઓએ કાંગારુ કેરના મહત્વ વિષે નાટક રજુ કર્યું હતું. આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફીસર આરતીબેન દવે, સ્ટેટ ન્યુટ્રીશન કન્સલટન્ટ શ્રદ્ધાબેન શર્મા, નારદીપુર કોલેજના પ્રાધ્યાપક રાજુભાઈ પટેલ અને મંજુલાબહેને ઉપસ્થિત રહી તાલીમાર્થી બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાભારતી મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્રના સંચાલિક, પ્રિન્સીપાલ તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ વરમોરા પ્લાસટેક પ્રા.લી.ની ઔધોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના તૃતીય વર્ષના ૧૧૬ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત વરમોરા પ્લાસટેક પ્રાઈવેટ લિમિટેડ ની મુલાકાત લીધી હતી.

વરમૉરા કંપની ઘણા સમયથી સફળતા પૂર્વક ફર્નીચર, હોમવેર તથા પ્લાસ્ટિકનાં ઉત્પાદન તથા વેચાણ સાથે સંકળાયેલી છે. અહીં વિદ્યાર્થીઓએ સંચાલનનાં સિદ્ધાંતોને આ પ્રકાર વ્યવસાયોમાં કઈ રીતે વ્યવહારુ રીતે અમલી બનાવી શકાય તેની તલસ્પર્શી માહિતી

પ્રાપ્ત કરી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ દરેક મશીનરીનાં નામ તેમજ તેનુ મૂલ્ય તથા ખાસ કરીને ક્વાલિટી ઉપર કંપની કેવુ ધ્યાન આપે છે તેમજ કર્મચારીની સુરક્ષાનું પ્લાન્ટ ઉપર પુરતુ ધ્યાન રાખવામાં આવ્યુ છે. સાથે સાથે ગ્રાહક ને સંપૂર્ણ સંતોષ થાય તેમજ તેમની ફરિયાદોનું સત્વરે નિવારણ કરવા બાબતની જાણકારી આપી હતી તેમજ દેશનાં હિતમાં સ્વચ્છતા કુદરતી સંસાધનોનો સાંચવીને ઉપયોગ કરવો તેવા સૂચનો વિદ્યાર્થીઓને કરવામાં આવ્યા હતા.

વાવોલના નારણનગરમાં રહેતા ૪૮ વર્ષીય આધેડનો પંખે ચાદર બાંધી ગળે ફાંસો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામના નારણનગર વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય આધેડે આજે સવારના અરસામાં પોતાના ઘરે જ પંખે ચાદર બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. સચિવાલયમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા આ આધેડે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે બાબત હજુ રહસ્યમય છે. ઘટના અંગે સેક્ટર ૭ પોલીસને જાણ થતા જમાદાર પ્રવીણસિંહ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

વાવોલ પાસે આવેલા નારણનગર વસાહત વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય ભરતભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિ સચિવાલય ખાતે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તેમના પરિવારમાં ત્રણ સંતાનો અને પત્ની છે. થોડા સમયથી બેચેન રહેતા ભરતભાઈ પ્રજાપતિએ આજે સવારે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોતાના ઘરે પંખે ચાદર બાંધીને ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલુ કરી દેનાર ભરતભાઈ એ કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત પરથી પડદો હજુ હટ્યો નથી. ઘટના અંગે પોલીસને જાણ થતાં સેક્ટર-૭ પોલીસ મથકના એએસઆઈ પ્રવિણસિંહ તેમના સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતકના પરિવારજનો અને પડોશીઓના નિવેદનો લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

સચિવાલય મધ્યસ્થ ગ્રંથાલયના જૂના પુસ્તકો શાળા-કોલેજો-સંસ્થાઓ વિનામૂલ્યે મેળવી શકશે

ગાંધીનગર, તા.૮

માહિતી નિયામકશ્રીની કચેરી હસ્તકના સચિવાલય મધ્યસ્થ ગ્રંથાલયના લગભગ ૧૩ હજાર જેટલા જૂના પુસ્તકો સરકારી શાળાઓ, કોલેજો, સરકારી ગ્રંથાલયો કે સંસ્થાઓને વિનામૂલ્યે આપવાના છે. જે શાળા-કોલેજો કે સંસ્થાઓને આ પુસ્તકો મેળવવામાં રસ હોય તેમણે **ddirr@gmail.com** પર અરજી કરવા અનુરોધ છે. સચિવાલય મધ્યસ્થ ગ્રંથાલયનું કોમ્પ્યુટરાઈઝેશન, રિનોવેશન અને આધુનિકરણ કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા પછી ૧૩,૦૦૦ જેટલા જૂના પુસ્તકો શાળા-કોલેજો-સંસ્થાઓને વિનામૂલ્યે આપવાના છે.

હિરોશિમા દિવસે વિજ્ઞાનના સકારાત્મક ઉપયોગનો સંદેશ

ગાંધીનગર, તા.૮

ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૬ઠ્ઠી ઓગસ્ટ 'હિરોશિમા દિવસ' નિમિત્તે સે-૮માં વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે નિષ્ણાંત વકતવ્ય અને ફિલ્મ નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને અણુવિજ્ઞાનની સૃષ્ટિ તેમજ માનવવંશ પર વર્ષો સુધી કેવી અસર છોડી જાય છે તેની પણ વિસ્તૃત માહિતી આપી હતી. અણુઊર્જાનો ઉપયોગ ફકત વિનાશ માટે ન કરતા ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે પણ કરી શકાય તેની પણ સમજ આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના પણ સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. હિરોશીમા અને નાગાશાકી શહેર પર થયેલા વિનાશની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. કાર્યક્રમમાં વસંતકુંવરબા શાળાના શિક્ષિકા કીંજલબેન કુંભારવાડીયા તેમજ અન્ય શિક્ષિકાઓ સહિત ૧૩૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

કેમ ઉજવાય છે હિરોશિમા દિવસ?

ઈ.સ. ૧૯૪૫માં બીજા વિશ્વયુધ્ધ દરમિયાન તા. ૬ઠ્ઠી ઓગસ્ટે અમેરિકાએ જાપાનના હિરોશિમા શહેર પર 'લિટલ બૉય' અને તા. ૯મી ઓગસ્ટે 'નાગાસાકી' શહેર પર 'ફેટ મેન' નામના અણુબૉંબ ઝીંકયા હતા જેના કારણે અઢી લાખ નાગરિકોના મૃત્યુ સહિત વર્ષો સુધી અણુરજના દુષ્પ્રભાવની પીડા માનવ જાતે સહન કરી છે. અણુ વિજ્ઞાનનો ઉપયોગ વિશ્વ શાંતિ તથા માનવ કલ્યાણ માટે થાય તે હેતુથી હિરોશિમા દિવસ દર વર્ષે ૬ઠ્ઠી ઓગસ્ટે ઉજવાય છે.

આચાર્યા મૃદુલાબેન, વિજ્ઞાન

સ્વ. મુકેશની પુણ્યતિથી નિમિત્તે સ્મિત મ્યુઝીક દ્વારા 'તારો મેં સજકે'નું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની 'સ્મિત મ્યુઝિક' દ્વારા સુપ્રસિધ્ધ પાર્શ્વગાયક સ્વ. મુકેશની ૪૨મી પુણ્યતિથી ઉપરાંત મહમંદ રફી અને કિશોરકુમારને પણ સ્મરણાંજલિ અર્પણ કરવાના હેતુથી આગામી તા. ૧૮મી ઓગસ્ટ શનિવારના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હોલ ખાતે સંગીતમય કાર્યક્રમ 'તારો મેં સજકે'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રધ્ધાંજલિ નાઈટ સંસ્થા દ્વારા પ્રેસ ફોટોગ્રાફર સ્વ. દોલતસિંહ સીંઘને અર્પણ કરાશે. આ શ્રધ્ધાંજલિ નાઈટના પ્રાયોજક તરીકે મધુર ડેરી, વૃંદાવન સ્વીટ માર્ટ, જેસીઈ, ફુડાસણની ઉમિયા ઈલેકટ્રિકલ, કિશોર કલાસિસ, ડિલ્ઝ-અમદાવાદનો સહયોગ પ્રાપ્ત થયો છે. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, પૂર્વ ગુડા ચેરમેન આશિષભાઈ દવે સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર શહેરમાં વધતી ચોરીઓ તથા અન્ય ગુનાઓ બાબતે ગૃહ રાજયમંત્રી સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહજી બિહોલાએ ગાંધીનગરમાં દિન પ્રતિદિન વધતી ચોરીઓ, અન્ય ગુનાઓ તથા અસામાજિક પ્રવૃત્તિઓ રોકવા માટે પ્રદિપસિંહજી જાડેજા ગૃહમંત્રીશ્રીને લેખિત રજુઆત કરેલ છે.

જેમાં દિન પ્રતિદિન વધતી ઘરફોડ ચોરીઓ અટકાવવા પોલીસ પેટ્રોલીંગ વધારવું, આડેધડ થતું વાહનોનું પાર્કિંગ બંધ કરાવવું, શટલીયા જીપો, રીક્ષાઓની ગતિ નિયંત્રિત કરવી, મીટર ભાડુ લેવા માટે જરુરી કાર્યવાહી કરી, પરપ્રાંતિય શંકાસ્પદ માણસોની તપાસ કરવી, શહેરના છેવાડાના સેકટરોમાં પોલીસ ચોકીઓ બનાવવી, સીસીટીવી કેમેરા મુકવા, શંકાસ્પદ વ્યકિતઓની પુછપરછ કરવી, સ્કુલવાનમાં આડેધડ બાળકોને બેસાડાય છે તે અંગે કાર્યવાહી કરવી, નામચીન જગ્યાએ દેશી-વિદેશી દારૂના અડ્ડા બંધ કરવા વિગેરે બાબતે રજુઆત કરેલ છે.

ચિલોડામાં એસ.ટી. ડ્રાયવરો દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ

ગાંધીનગર, તા.૮

મોટી સંખ્યામાં વાહનોની અવરજવરથી ધમધમતા ચિલોડામાં હાલ ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. જેમાં આવન જાવનના બે બાજુ માર્ગ કરવામાં આવ્યા છે. જેમાં તંત્ર એ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે હેતુથી નો પાર્કીંગના બોડ માર્યા છે છતાં એસ.ટી. ડ્રાયવરો આ નો પાર્કીંગ બોર્ડ પાસે જ બસ ઉભી રાખી મુસાફર ઉતારવા અને લેવાની પ્રક્રિયા કરે છે જેથી સાંકડા માર્ગમાં ટ્રાફીક જામની વારંવાર સમસ્યા ઉભી થાય છે. ઓવરબ્રિજની બંને બાજુએ આ સ્થિતિ સર્જાયેલી છે. ચિલોડા પોલીસ ટ્રાફીક માટે સતત પ્રયત્નશીલ છે પરંતુ સરકારના એસ.ટી. વિભાગ દ્વારા જ સતત ટ્રાફીક નિયમોનો ભંગ થાય છે જેના વિરુધ્ધ કોઈ જ કાર્યવાહી થઈ શકતી નથી. વાહનચાલકો પણ એસ.ટી. વચાળે જ ઉભી કરી દઈ ટ્રાફિક જામ કરતી હોવાની હકીકતથી વાકેફ છે છતાં મજબૂર હોય છે. જેથી એસ.ટી. તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ અંગે યોગ્ય પગલાં લેવાય તેવી માંગ ઉભી થઈ છે. ઓવરબ્રિજની કામગીરી ચાલુ હોઈ એક જ વાહન પસાર થાય તેવી સ્થિતિ બની છે ત્યારે ઓવરબ્રિજ કાર્યરત થાય ત્યાં સુધી ટ્રાફિક નિયમનમાં સરકારી કે ખાનગી તમામ વાહનો સહકારભર્યું વલણ દાખવે તે જરુરી બન્યું છે.

કુડાસણ વિસ્તારમાં ઘરફોડ ચોરીના વધુ બે પ્રયાસ

સુજન સોસાયટી અને આદિત્ય બંગલોઝમાં બંધ મકાનના તાળા તુટ્યા : તસ્કરોને હાથ કાંઈ ન આવ્યું

ગાંધીનગર, તા.૮

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં તસ્કર ટોળકીએ ધીમે ધીમે પગપેસારો કરી દીધો છે ત્યારે કુડાસણ વિસ્તારમાં વધુ બે બંધ મકાનના તાળા તોડી તસ્કરોએ ઘરફોડ ચોરીના નિષ્ફળ પ્રયાસ કર્યા હોવાની વિગતો ધ્યાને આવી છે. કુડાસણમાં આવેલા સુજન સોસાયટી ખાતે અને તેની બાજુમાં આવેલી આદિત્ય બંગ્લોઝ સોસાયટી ખાતે તસ્કરોએ બંધ મકાનના તાળા તોડયા હતા. જો કે બંને ઘરફોડના પ્રયાસમાં તસ્કરોને હાથ કાંઈ લાગ્યું ન હતું. ઘરફોડ ચોરીના નિષ્ફળ પ્રયાસ અંગે મકાનમાલિકે પોલીસ ફરિયાદ આપતા ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા કુડાસણ ખાતે બે અલગ-અલગ સોસાયટીઓમાં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ કરી હતી. શહેરના સેક્ટર-૩ ખાતે રહેતા નાથુભાઈ અમરશીભાઈ ચૌહાણનુ કુડાસણ ખાતે સુજન સોસાયટીમાં પણ બંગલો આવેલો છે. આ બંગલો હાલ બંધ છે. બે દિવસ અગાઉ છઠ્ઠી ઑગસ્ટે નાથુભાઈ તેમના આ બંધ બંગલે નજર નાખવા ગયા હતા ત્યારે તેમણે જોયું તો તેમના બંધ બંગલાના મુખ્ય દરવાજાનું તાળુ તૂટેલી હાલતમાં હતું અને અંદર ચોરીનો પ્રયાસ થયો હતો. જો કે અંદરથી કોઈ ચીજ વસ્તુ ચોરાઈ ન હતી. તેની બાજુમાં આવેલી આદિત્ય બંગ્લોઝ નામની સોસાયટીમાં પણ એક બંગલાના મુખ્ય દરવાજાનું તાળુ તૂટ્યુ હોવાનું તેમને જાણવા મળ્યું હતું. જોકે તે બંગલામાથી પણ કોઈ કીમતી માલમત્તાની ચોરી થવા પામી ન હતી. બંને સ્થળે તસ્કરોને ધરમના ધક્કા થયા હતા. આ મામલે નાથુભાઈ ચૌહાણની ફરિયાદને આધારે ઈન્ફોસિટી પોલીસે ઘરફોડ ચોરીના પ્રયાસ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ચિરવિદાય

● સ્વ. નંદિકાબેન હર્ષદરાય ઓઝા, ઉ.વ. ૫૭